**ભાવાર્થ :** તે ભગવાન બળે કરી પ્રતિપૂર્ણ બળવાન હતા. પર્વતોમાં સર્વશ્રેષ્ઠ મેરુ પર્વત સમાન હતાં. દેવલોકમાં રહેનારા દેવોને (અનેક ગુણથી યુક્ત હોવાથી મેરૂ પર્વત) હર્ષ ઉત્પન્ન કરાવનાર છે. તેમ ભગવાન પણ અનેક ગુણોથી યુક્ત હોવાથી તેમની પાસે આવનારા માટે હર્ષ ઉત્પન્ન કરાવનાર હતાં.

**ગાથા**-૧૫) ગિરિવરેવા નિસહાયયાણં, રૂયએ વ સેટઠે વલયાયતાણં।
તઓવમે સે જગભૂઈ પણ્ણે, મુણીણ મજ્ઝે તમુદાહુ પણ્ણે ।।

જેમ લાંબા પર્વતોમાં નિષધ પર્વત, ગોળ પર્વતોમાં રૂચક પર્વત શ્રેષ્ઠ છે, તેવી ઉપમાએ પ્રાજ્ઞ શ્રી મહાવીર દેવ મુનીઓ વચ્ચે જગતમાં સર્વથી શ્રેષ્ઠ હતાં.

**ગાથા** -૧૭) અણુત્તગ્ગં પરમ મહેસી, અસેસસકમ્મં સ વિસોહઈતા।
સિધ્ધિં ગએ (ગઈ) સાઈ મણંતપતે, નાણેણ સીલેણય દંસણેણ ।।

**ભાવાર્થ :** તે મહર્ષિ (મહાવીર દેવ) સમસ્ત કર્મોને ખપાવીને જ્ઞાને (ક્ષાયક) કરી - ચારિત્રે કરી (કેવળ) દર્શને કરી સર્વોત્તમ, લોકને અગ્રભાગે ઉત્કૃષ્ટ સાદિ અનંત ભાગે સિધ્ધિગતિને પામ્યા.

**ગાથા** -૨૦) જહા સંયભૂ, ઉદ્દીણ સેટઠે, નાગેસુવા ઘરણિંદ માહુ સેટઠે।
ખોઓહસે વા રસ વેજયંતે, તવો વહાણે મુણિ વેજયંતે ।।

**ભાવાર્થ :** જેમ સમુદ્રોમાં સ્વયંભૂરમણ, નાગકુમાર દેવતાઓમાં ધરણેન્દ્ર રસમાં ઇક્ષુરસ શ્રેષ્ટ છે, તેમ તપ અનુષ્ઠાનમાં શ્રી ભગવાન મહાવીર સર્વ મુનીઓ કરતાં શ્રેષ્ઠ હતાં.

**ગાથા**–૨૬) કોહંચ માણંચ તહેવ માયં, લોભંચઉત્થં અજ્ઝત્થદોસા ।
એયાણિ વંતા અરહા મહેસી, ન કુવ્વઈ પાવ ન કારવેઈ ।।

**ભાવાર્થ :** ક્રોધ - માન - માયા - લોભ એ ચાર અધ્યાત્મ દોષોને ત્યાગીને તે ભગવાન મહાવીર અરિહંત મહર્ષિ બની પાપ કરતાં નથી. અને બીજા પાસે કરાવતા પણ નથી.

**(બ) માગધી ભાષાના અર્થ લખો.** **(૫)**

૧) કેવા હતાં - ગાથા - (૨)
૨) અનંતદર્શી - ગાથા (૩)
૩) કથનકરેલ - ગાથા (૪)
૪) મધ્યભાગમાં - ગાથા (૧૩)
૫) વિહારી - ગાથા (૬)
૬) વિદ્વાન - ગાથા (૫)
૭) કાશ્યપ ગોત્રી - ગાથા (૭)
૮) અરવીંદકમળ - ગાથા (૨૨)
૯) અંદર (હટેઠ) - ગાથા (૧૦)
૧૦) પ્રજ્ઞાવાન - ગાથા (૨૫)

**(ક) ટૂંકમાં જવાબ લખો.** **(૫)**

૧) જેમ વૃક્ષોમાં (દેવકુરુ ક્ષેત્રનું) શાલ્મલી વૃક્ષ જગ પ્રસિધ્ધ છે, જે વૃક્ષને વિષે સુવર્ણકુમાર દેવતાઓ રતિસુખ વેદે છે વનને વિષે નંદનવન (દેવોનું ક્રીડા સ્થાન શ્રેષ્ઠ છે. તેમ શ્રી ભગવાન મહાવીર જ્ઞાને અને ચારિત્રે કરી પ્રભૂત જ્ઞાની હતાં. ગાથા - ૧૮
૨) લાંબી અને શુભસ્થિતિ વાળા દેવોમાં લવ સપ્તમ દેવો (પાંચ અનુત્તર વાસી દેવો છે. ગાથા નં.૨૪
૩) લાંબા પર્વતોમાં નિષધ પર્વત, ગોળ પર્વતોમાં રૂચક પર્વત શ્રેષ્ઠ છે. ગાથા નં. ૧૫
૪) ભગવાન મહાવીર સ્વામી મૂળ ગુણોઉત્તર ગુણોથી વિશુધ્ધ સંયમના પાલક હતાં. ગાથાના નં.૫

**પ્રશ્ન ૩. કાય સ્થિતિનાં આધારે જવાબ લખો. (૩૦)**

**(અ) નીચેના બોલોની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાય સ્થિતિ લખો ? (૧૦)**

| | જઘન્યસ્થિતી | ઉત્કૃષ્ટસ્થિતિ |
|---|---|---|
| (૧) | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| (૨) | અંતર્મુહૂર્ત | સંખ્યાતકાળ |
| (૩) | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વનસ્પતિ) |
| (૪) | અંતર્મુહૂર્ત | અસંખ્યાતોકાળ (પુઢવીકાળ) |
| (૫) | અનાદિઅનંત | અનાદિ સાંત |
| (૬) | અંતર્મુહૂર્ત | દેશેઉણા અર્ધપુદગલ પરાવર્તન |
| (૭) | અંતર્મુહૂર્ત | ૩૩ સાગરોપમને અંતઃર્મુહૂર્ત અધિક |
| (૮) | ૧ સમય | ૬ આવલીકા |
| (૯) | ......... | સાદિ અનંત |
| (૧૦) | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

**(બ) નીચેના સવાલના જવાબ આપો. (કોઈપણ ૫) (૧૦)**

૧) ભાસગ પરિત પજ્જત સુહમ સન્ની ભવઠ્થિ ચરિમેય ।
એસેસિં તુ પયાણં, કાયઠિઈ હોઈ નાયવ્વા ।।

૨) બાદર પૃથ્વીકાય - બાદર અપકાય - પ્રત્યેક વનસ્પતિ
બાદર તેઉકાય - બાદર વાયુકાય - બાદર નિગોદ

૩) દ્રવ્યથી અનંતી ઉત્સર્પિણીકાલ - અવસર્પણીકાળ
ક્ષેત્રથી અનંતો લોક
કાળથી અનંતો કાળ
ભાવથી અસંખ્યાત પુદગલ પરાવર્તન, તે આવલિકાના અસંખ્યાતમાં ભાગમાં જેટલાં અસંખ્યાત સમય જાય તેટલાં પુદગલ પરાવર્તન

૪) જીવનાભેદ - ૫૬૩ - સ્થાવરના ભેદ ૨૨, નિગોદના ભેદ ૪, સૂક્ષ્મ વનસ્પતિ અપર્યાપ્તા પર્યાપ્તા - ૨
બાદર સાધારણ વનસ્પતિ અપર્યાપ્તા - પર્યાપ્તા ૨

૫) સંજ્ઞી - અંતમુહૂર્ત - પ્રત્યેક સો સાગર સાધિક
અસંજ્ઞી - અંતમુહૂર્ત - વનસ્પતિકાળ
નોસંજ્ઞી નોઅસંજ્ઞી - સાદિઅનંત

(૬) ધર્માસ્તિકાય - સર્વકાળ
અધર્માસ્તિકાય - સર્વકાળ
આકાશાસ્તિકાય - સર્વકાળ
કાળ - સર્વકાળ
પુદગલાસ્તિકાય - સર્વકાળ

**(ક) યોગ્ય જોડા લખો ? (૫)**

| | |
|---|---|
| **૧. દેવી** | **સાદિ અનંત** |
| **૨. સમકિતી** | **અંતઃમૂર્હત** |
| **૩. તેઉકાય** | **૫૫ પલ્ય** |
| **૪. અપર્યાપ્તા** | **દેશે ઉણુ પૂર્વકોડ** |
| **૫. સામાયિક ચારિત્ર** | **પુઢવીકાળ** |

**(ખ) ટુંકમાં જવાબ લખો.** **(૫)**

૧) તેઈન્દ્રીયની જઘન્યસ્થિતી અંતઃ મૂર્હુત
ઉત્કૃષ્ટસ્થિતી ૪૯ દિવસની ભવસ્થિતી છે.

૨) કાયસ્થિતી એટલે જીવ એક જ કાયમાં મરીને ફરીથી તે જ કાયમાં વારંવાર જન્મ ગ્રહણ કરે તે તેની કાય સ્થિતી છે.

૩) ચાર કાળમાંથી સૌથી નાનો કાળ બાદરકાળ છે.

૪) બાદર વનસ્પતિના જીવના ભેદ ચાર છે.
બાદર પ્રત્યેક વનસ્પતિના અપર્યાપ્તા - પર્યાપ્તા - ૨
બાદર સાધારણ વનસ્પતિના અપર્યાપ્તા - પર્યાપ્તા - ૨

૫) સૂક્ષ્મ જીવોની - જઘન્ય સ્થિતિ - અંતઃ મૂર્હુત
પર્યા-અપર્યા બન્નેની ઉત્કૃષ્ટ સ્થિતિ - અંતઃ મૂર્હુત

**પ્રશ્ન ૪. તપનાં આધારે જવાબ લખો. (કોઈપણ પાંચ)** **(૧૫)**

**અ)** પ્રશ્નોના જવાબ આપો (પાંચ ) (૧૦)

૧) તપનો થોકડો શ્રી ઉવવાઈ સૂત્રના આધારે છે
છ બાહ્ય તપ - (૧) અનશન (૨) ઉણોદરી (૩) વૃતિ સંક્ષેપ (૪) રસ પરિત્યાગ (૫) કાયાકલેશ (૬) પ્રતિસંલીનતા (૬) આભ્યંતર તપ (૧) પ્રાયશ્ચિત (૨) વિનય, (૩) વૈયાવચ્ચ (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન (૬) કાઉસગ્ગ.

૨) વૃક્ષની કાપેલી ડાળી જેમ હાલ્યા ચાલ્યા વિના પડી રહે, તેમ સંથારો કરીને સ્થિર થઈ જવું. તેમાં શરીર સંસ્કાર હલનચલન પ્રતિક્રમણ આદિ કરવાની જરૂર નથી. ચારે આહારનો ત્યાગ કરે. વૈયાવચ્ચ ન કરાવે.

૩) રસ પરિત્યાગના ૯ પ્રકાર છે (૧) વિગય રહિત આહાર લે. (૨) આયંબીલ કરે. (૩) વઘાર વિનાનો નીરસ આહાર લે. બુક પ્રમાણે નવમાંથી કોઈપણ ત્રણ લખી શકાય.

૪) ભાવ ઉણોદરીના છ પ્રકાર છે. અલ્પ ક્રોધ - અલ્પ માન, અલ્પ માયા, અલ્પ લોભ, અલ્પ શબ્દ, અલ્પ ઝંઝટ.

૫) કોઈપણ એક જ વિષય પર મનની એકાગ્રતા કરવી તેને ધ્યાન કહે છે ચાર ધ્યાન મળીને કુલ ૪૮ ભેદ છે.

૬) વિનય તપના સાત ભેદ છે (૧) જ્ઞાન વિનય (૨) દર્શન વિનય (૩) ચારિત્ર વિનય (૪) મન વિનય (૫) વચન વિનય (૬) કાયવિનય (૭) વ્યવહાર વિનય.

**(બ) યોગ્ય જોડી જોડો** **(૩)**

૧) નવી દીક્ષા આપી સૌથી નાનો બનાવે - પ્રાયશ્ચિત તપ
૨) કોમળ - પ્રશસ્ત મન
૩) શરીરના મમત્વનો ત્યાગ કરવો - દ્રવ્ય કાયોત્સર્ગ
૪) ઉકડું આસને બેસવું - કાયકલેશ તપ
૫) જાવજીવ આહારનો ત્યાગ - અવકાલિક અનશન
૬) સ્વાધ્યાય - આભ્યંતર તપ

**(ક) ટૂંકમાં જવાબ આપો** **(૨)**

૧) (૧) દ્રવ્ય ઉણોદરી (૨) ભાવ ઉણોદરી

૨) વૈયાવચ્ચ તપના ૧૦ ભેદ છે
(૧) આચાર્ય - ઉપાધ્યાય આદિની સેવા કરે (૨) સ્થવીર - સ્વધર્મીની સેવા ભક્તિ કરે.
બુકના ૧૦ ભેદમાંથી કોઈપણ લઈ શકાય.

**પ્રશ્ન ૫. શ્રી ભકતામર સ્તોત્રનાં આધારે.** **(૧૫)**

**(અ) કોઈ પણ ત્રણ ગાથા ભાવાર્થ સાથે લિખો.** **(૧૨)**

ગાથા -૧૪) સમ્પૂર્ણ મંડલ શશાંક કલા કલાપ,

શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લઙ્ઘયન્તિ ।
ય સંશ્રિાતાસ્ત્રિ જગદીશ્વર નાથ મેકં
કસ્તા ન્નિવારયતિ સંચરતો યથેષટમ્ ।।

**અર્થ :** સંપૂર્ણ મંડળવાળા ચંદ્રમાંની કળાના સમૂહ જેવા ઉજ્જવળ તમારા ગુણો, ત્રણે જગતને ઓળંગીને વ્યાપી રહ્યા છે. તેથી હે ત્રિલોકીનાથ! જે એક જ સમર્થ સ્વામીને આશ્રયે સાચી શ્રદ્ધાથી રહેલા હોય, તેવા તે ગુણોને યથેષ્ટ વિચરતા ભલા કોણ રોકી શકે ?

**ગાથા**-૧૭) નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્ય,
સ્પષ્ટી કરોષી સહસા યુગ પજ્જગન્તિ ।
નામ્ભો ઘરોદર નિરૂદ્ધ મહાપ્રભાવ,
સૂર્યાતિશાયિ મહિમાઽસિમુનીન્દ્ર! લોકે ।।

**અર્થ :** હે મુનીન્દ્ર! આ લોકમાં આપનો મહિમા સૂર્યથી પણ અધિક છે. (કેમકે કેવળ દર્શન રૂપી સૂર્ય ઉગ્યા પછી) તે કદી આથમતો નથી. રાહુ તેને ગ્રહણ કરી શકતો નથી. ત્રણે જગતને બહુ જ શીઘ્રતાથી એકી સાથે પ્રકાશિત કરી શકો છો. તેમજ કાળાં વાદળાં પણ આપના દર્શન રૂપી મહા પ્રભાવને આવરી શકતા નથી.

**ગાથા**-૧૯) કિં શર્વરીષુ શશિનાઽહનિ વિવસ્વ તાવા ?
યુષમન્મુખેન્દ્ર દલિતેષુ તમસ્સ નાથ।
નિષ્પન્ન શાલિવન શાલિનિ જીવલોકે,
કાર્ય કિયજ્જલઘરૈ જલભાર નમ્રૈઃ।।

**અર્થ :** હે નાથ! આપનું મુખચંદ્ર (વિશ્વના) અંધકારને જ્યારે દૂર કરે છે પછી રાત્રે ચંદ્રનું અને દિવસે સૂર્યનું શું પ્રયોજન! પાકી ગયેલા ડાંગરના ખેતરોથી સુશોભિત બનેલા આ જગતના જળના ભાર વડે નમી ગયેલા વાદળાંનું શું પ્રયોજન? કશું જ નહીં.

ગાથા-૨૨) સ્ત્રીણાં શતાનિ શતસો જનયન્તિ પુત્રાન,
નાન્યાસૂતં ત્વદુપમં જનની પ્રસુતં,
સર્વા દિસો દધતિભાનિ સહસ્ત્ર રશ્મિં,
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુ જાલમ ।।

અર્થ : હે નાથ! આ જગતમાં સ્ત્રીઓ લાખો પુત્રોને જન્મ આપે છે, પરંતુ તમારી માતા સિવાય કોઈપણ બીજી સ્ત્રીએ તમારા જેવા પનોતા પૂત્રને જન્મ આપ્યો નથી. તે એવી રીતે કે જેમ અન્ય સઘળી દિશાઓ તારાઓને ધારણ કરે છે, પરંતુ પૂર્વ દિશા જ એક એવી છે કે જે પ્રકાશમાન કિરણના સમૂહથી યુક્ત એવા સૂર્યને જન્મ આપે છે.

**(બ) શબ્દોનાં અર્થ લખો.** **(૩)**

૧) નેત્રોને હરનારું - ગાથા – ૧૩

૨) પ્રલયકાળના - ગાથા – ૧૫

૩) જરૂરત વિનાના - ગાથા – ૧૬

૪) અધંકારની - ગાથા – ૨૩

૫) પ્રકાશ આપનારું - ગાથા – ૧૮

૬) મોક્ષ માર્ગના સંપૂર્ણ જ્ઞાતા - ગાથા – ૨૪

**અથવા**

**પ્રશ્ન ૫. ધર્મકથાના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(અ)** **(૧૦)**

૧) ભરત અને ઈરવત ક્ષેત્રમાં પ્રથમ તિર્થંકરના સાધુ સરલ (ઋજુ) અને મંદ (જડ) મતિવાળા હોય છે. અંતિમ તિર્થંકરના સાધુ વક્ર અને જડ હોય છે. જ્યારે મધ્યના ૨૨ તિર્થંકરોના સાધુઓ ઋજુ અને

બુધ્ધીમાન હોય છે. પ્રથમ તીર્થંકરના સાધુને સાધુ આચાર સમજવો કઠીન છે અને અંતિમ તિર્થંકરના સાધુઓને આચાર પાલન કરવું કઠીન હોય છે. પરંતુ મધ્યના ૨૨ તિર્થંકરોના સાધુઓને આચાર સમજવો અને તેનું પાલન કરવું બન્ને સરળ હોય છે તેથી બે પ્રકારના ધર્મ કહ્યા છે.

૨) હે મુની! સાંસારિક પદાર્થોની ઇચ્છા અને લાલસાની લતા છે તે ભયંકર છે તેમાં આવેશ, આવેગ, લોભ વગેરે ભયંકર ઝેરી ફળ આવે છે. તે આ લતાને સંતોષ દ્વારા મૂળ સહિત ઉખેડીને ફેંકી દીધી છે. સંતોષ તે ભવતૃષ્ણા છેદન કરવા માટેનું અમોઘ શસ્ત્ર છે. વિષફળ દેનારી ભવતૃષ્ણા રૂપી લતાને જે ઉખેડી નાંખે છે તે તેના વિષફળથી બચી શકે છે.

૩) લોકના અગ્રભાગમાં એક એવું ધ્રુવ (અચળ) સ્થાન છે જ્યાં વૃધ્ધાવસ્થા - મૃત્યુ - વ્યાધિ અને વેદનાઓ હોતી નથી, પરંતુ ત્યાં પહોચવું બહુ કઠિન છે. જે સ્થાનને મહર્ષિઓ પ્રાપ્ત કરે છે. તે સ્થાન નિર્વાણ સ્વરૂપ - વિઘ્નરહિત, સિધ્ધ ક્ષેત્ર અને લોકાગ્ર વગેરે નામથી પ્રસિદ્ધ છે. તે જ ક્ષેમકારી, કલ્યાણકારી અને અવ્યાબાધ સુખરૂપ સ્થાન છે.

૪) હે મુની! સમગ્ર લોકમાં પ્રકાશ કરનારો નિર્મળ સૂર્ય ઉગી ગયો છે. તે અજ્ઞાનરૂપી અંધકારમાં રહેલા પ્રાણીઓને જ્ઞાન પ્રકાશ આપશે. સંસારના મૂળભૂત ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન રૂપી સૂર્યનો ઉદય થયો છે. તે તીર્થંકર મહાવીર સ્વામી લોકના અજ્ઞાન અંધારામાં રહેલ પ્રાણીઓને જ્ઞાનરૂપ પ્રકાશ આપશે.

૫) વશ ન કરેલો પોતાનો આત્મા (મન) જ પોતાનો શત્રુ છે. તેને આગમ વિધિ પ્રમાણે જીતી લેવાથી ચાર કષાય અને પાંચ ઈન્દ્રીય રૂપ શત્રુ પણ જીતી શકાય છે. આમ એક આત્માને જીતતા કુલ ૧૦ શત્રુઓને જીતી શકાય છે.

**બ) ટૂંકમાં જવાબ આપો** **(૫)**

૧) અવસર્પિણીકાળના ૨૩માં તિર્થંકર પાર્શ્વનાથ નામના ભગવાન થયા.
૨) પ્રથમ શિષ્ય ગણધર ગૌતમ સ્વામી હતાં.
૩) આગમ ઉતરાધ્યયન સૂત્રને ૨૩મું અધ્યયન છે.
૪) કેશીકુમારને ગૌતમ બન્ને કર્મ ક્ષય કરી મોક્ષે પધારી ગયા.
૫) કેશીકુમાર શ્રમણને ગૌતમ સ્વામીના સંવાદથી શ્રુતધર્મ તથા શીલધર્મનો ઉત્કર્ષ થયો.

**--- જય જિનેન્દ્ર ---**